શ્રી.

પટેલ. મફતભાઈ ગોવિંદભાઈનો તુલસી

વિવાહ.

રચનાર તથા પ્રસિદ્ધ કરનાર,

કવિ શીવલાલ ખુશાલભાઈ બ્રહ્મભટ.

અમદાવાદ.
"વિજય પ્રવર્તક" પ્રેસ.
સંવત ૧૯૫૮—સન ૧૯૦૧
કીમત એક આનો.

ता. ६

The celebration of

the marriage between

[illegible] Balkrishna

[illegible] wholly based

on [illegible])

[illegible]

શ્રી

પટેલ. મફતભાઇ ગોવિંદભાઇનો તુલસી

વિવાહ ઉત્સવ.

દોહરા.

પ્રથમ નટવર પરણુમું, વંદુ શ્રી વ્રજરાય;
વલ્લભકુળનો વિશ્વમાં, મેરૂસમ મહિમાય. ૧
રૂડા રાજ્યનગર વિશે, જસ્વિ જીલ્લે રાયપુર;
પખાલીની પોળમાં વસે, નારાયણનું નુર. ૨
મફતભાઇ કહે મેદની, સારી વરી સાબાશ;
લાયક લેઉવાને વિશે, પરીમલ કરી પ્રકાશ. ૩
તુલસી પર્ણાવ્યાં તેમણે, ઉર ધરી હુલ્લાસ;
પ્રભુ સંગાથે પ્રીતથી, અધિક કીધો ઉજાસ. ૪
ગુણનિધિ ગોવિંદભાઇના, પુરણ પ્રતાપી પુત્ર;
લાયક લેઉવાને વિશે, શોભાવ્યું ઘરસુત્ર. ૫
પ્રીત ધરી પ્રભુપદે, તુલસી વિવાહ કીધ;
જર ખરચી આ જક્તમાં, લ્હાવો મોટો લીધ. ૬
પુત્રો પુત્રીના થકી, અધિક ધરિ ઉછાહ;
મહોત્સવ મોટો રચ્યો, વડો કીધો વિવાહ. ૭
તારકસો ને તાગીઆ, અધિક રાખતા હેત;
મીલનસાર સ્વભાવથી, અસારાવાળા સમેત. ૮
મૃષાવાણી મુખથી, વદે નહી કોઈવાર;

સદાચરણથી ચાલતા, ઇશ્વરને આધાર. ૯
નાત કીધી આ નગ્રની, લાયક લેઉવાની જેહ;
મગસ ને પુરી તણી, નિર્મળ આણી નેહ. ૧૦
જીવનનું સાર્થક જક્તમાં, પ્રભુ સેવા ને પુણ્ય;
કીધું તેમણે કોડથી, નેક ન રાખી નુન્ય. ૧૧
ગુણિયલ આ ગૃહસ્થે કર્યું, પ્રભુ પ્રીત્યર્થે કામ;
અહંતા તજી ઉરથી, ખરચ્યા ખુબજ દામ. ૧૨
જેથી કરીને જેમનો, વડો વિવાહ વર્ણાય;
તુલસી ગોવિંદલાલનો, લાયક જાણી લખાય. ૧૩

ગરબી.

"મારી સંગે બોલો નંદલાલા" એ રાગ.

મફત સાએ મહોત્સવ રચ્યો ભારી,
કીધો તુલસી વિવાહ ઉલટ ધારી. ટેક.
પરણાવ્યાં શ્રી ગોવિદલાલ સંગે,
અતિ આનંદ ભર્યે અંગે. મફતસા૦ ૧
તેડયા ઘેર ગુણિયલ ગોસ્વામી,
શ્રી વ્રજરાય જીવડા નામી. મફતસા૦ ૨
શ્રીમધુસુદનલાલજી મહારાજા,
વડી જેમની વૈશ્નવોમાં માઝા. મફતસા૦ ૩
શ્રી રણછોડલાલજી રૂપાળા,
ઘણા લક્ષણવંતા લાલા. મફતસા૦ ૪
ગોવિંદ સુતે હર્ષ ઘણો આણી,
જીવન કેરૂં સાર્થક જગમાં જાણી. મફતસા૦ ૫

પ્રભુ પીત્યર્થે કામ કીધું,
બહુ દ્રવ્ય બાવાને દીધું. મફતસા૦ ૬
પેરામણી પુરણ પ્રીતે આપી,
અચળ કીરતી આલમમાં સ્થાપી. મફતસા૦ ૭
તૃષણાઓ તન થકી ત્યાગી,
પ્રભુ ભક્તી સુપ્રીત્યે માગી. મફતસા૦ ૮
શરીરનાં સુખો નથી ઈછિયાં,
પરમારથ કામો બહુ પીંછયાં. મફતસા૦ ૯
ગૃહસ્થાઇનો ગર્વ નથી કીધો,
બોજ જેમણે બહુ નામી પર દીધો. મફતસા૦ ૧૦
હરેક કામો શ્રી હરી છે કરતા,
હરદમ એમ મુખેસુ ઉચરતા. મફતસા૦ ૧૧
વડીલો સમ ઈજત વધારી,
વડી કીરતી વિશ્વમાં વિસ્તારી. મફતસા૦ ૧૨
મૃદુવાણી મુખે સદા ભાખે,
વડો પ્રેમ વૈશ્નવોપર રાખે. મફતસા. ૧૩
પવિત્ર પણ પત્ની છે જેમનાં,
પ્રભુ પદે મન સદા જેમનાં મફતસા૦ ૧૪
પખાલીનીપોળ તણા વાસી,
કીરતી જેમની કેહેવાયે કાસી. મફતસા૦ ૧૫
રૂડા જીલ્લે રાયપુરની માંહે,
મહોત્સવ મોટો રચ્યો ત્યાંહે. મફતસા૦ ૧૬
લાયક લેઉવા પાટીદાર પોતે,

અનેક ઉપમાઓ ઘટે કહો તે. મફતસા૦ ૧૬
નિરાભિમાની છે નિર લોભી,
થીર વેપાર જેથી રહ્યા થોભી. મફતસા૦ ૧૮
ખરી મેહેનતના ખુરદા જેમના,
જેથી કીધી નટવરે નામના. મફતસા૦ ૧૯
રૂડા રવીચંદ સુત હુવા રાજી,
પ્રતાપી પાટીદાર સમાજી. મફતસા૦ ૨૦
શિવરાજ કહે છે શિરનામી,
આત્મજ એમને આપો અંતર જામી. મફતસા૦ ૨૧

વરઘોડા વિશે.

"પુનમ ચાંદની પુરી ખીલી અહીંરે" એ રાગ.

વડો વરઘોડો શ્રી ગોસ્વામીનો ગાજતોરે,
તેની શોભાનો નહી પાર;
મંગળ લીલા મહાપ્રભુએ રૂડી રચીરે,
અદભુત તેજનો અતિ અંબાર;
જેને જોવાને મેદની મોટી મચીરે. ટેક.

સાખી. વરનાર વિભુ વિરાજીઆ, સુશોભિત સુખપાલ;
ગુણનીધિ ગોવિંદલાલજી, વૈશ્નવો કરતા વહાલ.
ઢાળ. ઉભય બાજુએ ઉભા રહી ચમરો ઢાળતારે,
દરસને આવે સૌ વૃદ્ધ બાળ;
જેને જોવાને મેદની મોટી મચીરે. ૧

સાખી. બગી વિશે બિરાજીઆ, વડા મહારાજ વ્રજરાય;
આનંદનો દધી ઉરથી, બહુ વિધ બહાર છલકાય.

ઢાળ. સાથે મધુસુદનલાલજી મહા ઓપતારે,
કોટી કંદ્રપવત જેમની કાય; જેને જોવાને. ૨
સાખી.બાબા ગાડીમાં બિરાજીઆ, રૂડા શ્રી રણછોડલાલ;
વૈશ્નવો વડા ભાવથી, સબળ રાખતા સંભાળ.
ઢાળ. તરેહદાર તોખારો તે નાજુક નાચતારે,
રેફદાર જેની રૂડી રેવાલ. જેને જોવાને. ૩
સાખી. વૈશ્નવો વડા શેઠીઆ, આનંદ ધરી અપાર;
સાબેલા સાથે લઈ, આવ્યા નટવરને દ્વાર.
ઢાળ. ઢોલ નગારાંને વાજા બહુ વજડાવતારે,
થઈ રહ્યો ત્યાં મહાથેઇકાર. જેને જોવાને. ૪
સાખી. પ્રતાપી પાટીદાર શેઠીઆ, પધાર્યા આણી પ્રીત;
સાજન સાજન સાથે શોભતા, રૂડી જેમની રીત.
ઢાળ. લેઉવા લાયક સૈ પ્રૌઢનરો આ પુરનારે,
સદા નિર્મળ જેમની નીત. જેને જોવાને. ૫
સાખી. આનંદ કરતા આવિયા, ધનજી મગનને ધામ;
મોડ મેલી તેમની માનુની, પ્રભુ પ્રીત્યર્થે કીધુ કામ.
ઢાળ. નાનીબાએ નેહ ધરી મન માંહે અતીરે,
બહુ સેવા કીધી સેવ્યા સુદીર શ્યામ. જેને જોવાને. ૬
સાખી. ત્યાંથી આગળ ચાલીઓ, વરઘોડો દબદબાદાર;
ગહગહ નોબતો ગાજતી, અલબેલા અસવાર.
ઢાળ. નેજા નીશાનો, જરકશી બહુ ઝળકતાંરે;
સસે રંગી શોભતાં બહુ રંગદાર. જેને જોવાને. ૭
સાખી. સાબેલાનો શોભતો, સુંદર ઝાઝો જમાવ;

આનંદ ઉપજાવતો હરેકને, દીલખુશ તે દેખાવ.
ઢાળ. પરીઓ પરીમલ પ્યાર ઉપજાવતીરે,
અદભુત કરતી હીંડતાં હાવભાવ. જેને જોવાને. ૮
સાખી. બેંડ વાજુ વાજતું, સબળ શોક હરનાર;
જેનાથી જીત મેળવે, લડાઇ વિશે લડનાર.
ઢાળ. સંગીત પ્રમાણે સુરોની છાયા છાજતીરે;
સહુને લાગે તે સુખકાર. જેને જોવાને. ૯
સાખી. સિપાઇની સીશુતણી, અદભુત શોભતી હાર;
પોશાકો સારા પેરીઆ, હાથ વિશે હથિયાર;
ઢાળ. સિપાઇઓ શ્યામ રંગના દરેસો પહેરી દીપતારે,
બહાદુર બાળો બંધુકદાર. જેને જોવાને. ૧૦
સાખી છટાદાર નીશાનો છોકરાં, નૌતમ લઇ નવરંગ;
જરકશીનાં કોઈ ઝળકતાં, સાહી હીંડતા સંગ.
ઢાળ. ગુણો ગોવિંદના કીરતનીઆ કેહેતા કોડથીરે;
ઉર ધરી મોટો ઉછરંગ. જેને જોવાને. ૧૧
સાખી. સૃંગારો શ્યામા સજી, સાડીઓ બુટાદાર;
જરકશી પેહેરી ઝળકતી, મંગળ કરતી ઉચ્ચાર.
ઢાળ. અતિ અદભૂત શોભા ઇંદ્રાણીયો આપતીરે,
કળશ શ્રીફળ કર ગ્રહી શીર મોઝાર. જેને. ૧૨
સાખી. વડુ સાજન વૈશ્નવતણું, સોભા દેતું ઠીક;
વાજાંની વડા વેગથી, રૂડી વાજતી રણઝીક.
ઢાળ. અત્યાનંદનો અબધી વહયો આ શાહેરમાં;
પ્રતાપી પધાર્યા અમલદારો આદિક. જેને. ૧૩

સાખી. વાડી વરઘોડા વિશે અનુપમ શોભતી અમુલ;
જરકશી તારો ઝળકી રહયા, ફોરદાર જેનાં ફુલ.
ઢાળ. કાર્તીક સુદી દ્વાદશીનું લગન સોભતું રે;
મંગળ લીલામાં નહી ભુલ. જેને જોવાને. ૧૪
સાખી. મફતસાને માંડવે, માનુની મંગળ ગાય;
વડો હર્ષ વસંતબાતણો, હૈયા બહાર ઉભરાય;
ઢાળ. મફતસાનો મોદ મનમાં માતો નથીરે;
વંદ્યા વિશેષે વિભૂને વ્રજરાય જેને. ૧૫
સાખી. સ્વાગત કીધી સાજનતણી, આપ્યાં સોપારી પાન;
કોમળ કલગીઓ, કુસુમની, મ્હોટાં દેઈ દેઈ માન;
ઢાળ. સંતોષકારક સેવા કીધી શ્રીવ્રજરાય ગોવિંદલાલનીરે;
સિવરાજ કહે મોટી મુલવાન. જેને. ૧૬

ધોળ.

વડાં વાજીત્રો વિધવિધનાં વાજતાં,
ગોવિંદલાલજી પધાર્યા ઘેર,
મહારાજાની મેહેર. મફતસાને માંડવે. ટેક.
ચોક મધ્યે તે ચારૂ શોભતાં,
છાંટયાં કેસરને કપુર, ગુલાબજળ ભરપુ.મફતસાને.૧
ચંદની ચંદરવા ચળકી રહ્યા,
રૂડીરચી ખુબ રોશનાઇ, મંગળલીલા છાઈ. મફતસા.૨
ચોક મધ્યે ચોરી સુ શોભતી,
મહા તેજ તણો અંબાર, છટાદાર છોડ ચાર. મ. ૩
બાજઠ પર ગોવિંદલાલજી બીરાજીઆ,

તુલસી શોભતાં તેમની પાસ, વડો કરતાં વિકાસ. મ. ૪
કંકણ ચુડલો કર વિશે ધરિ,
પરીમલ પેહેરાવ્યું પટકુળ, જેનું ઝાઝું મુલ. મ. ૫
કંન્યાદાન દીધું તેમને કોડથી,
મફ્તસાએ મહા ધરી હુલ્લાસ;વસંતબા બેઠાં પાસ.મ.૬
દંપતીતીએ દાન દીધાં વિધવિધનાં,
સોનારૂપાનાં સુખકાર; પુરણ આણી પ્યાર. મ. ૭
પેહેરામણી કીધી પ્રભુની ઘણી,
અરપ્યાં ઉત્તમ વસ્ત્રો અલંકાર; મહા મુલદાર. મ. ૮
ગોરવ દેઇ ગોસ્વામી જમાડીયા,
સેવા કીધી સારી રીત; પુરણ દાખી પ્રીત. મફ્ત. ૯
વળતી વરકન્યાને વળાવીયાં,
સંતોષી સર્વે જન; મુદીત કીધાં મન. મફ્ત. ૧૦
રૂડા રવિચંદ રાજી હવા,
ચુનીલાલને હીમતલાલ; બનો બુદ્ધિ વિશાલ. મ. ૧૪
દલપત ઇશ્વરનાં દાનાં દીકરી,
અમુલ્ય અવસરથી ખુશથાય; માનુની મંગળગાય. ૧૫
ગુણનીધી શ્રી ગોવિંદલાલને,
શિરનામી કહે શિવરાજ; સુખી રાખો સમાજ. મ. ૧૧
મફ્તસાને વસંત બાતણા,
પ્રભુ પુરજ્યો મનના કોડ, જુગલ રહેજ્યો જોડ. મ. ૧૨
દીર્ઘાયુશ દંપતીનુ હજો,
ભરપુર ભરો ભંડાર; સફળ કરો સંસાર. મ. ૧૩
સમાપ્ત.



દોહરો. કારતીક વદી બીજનુ, લગન કીધુ તેહ;

તુલસી ગોવિંદલાલનુ, નિરમળ આણી નેહ. ૧